પેજ 3

## હોસ્પિટલની બહાર પેપરાઝી પર ભડક્યો સલમાન ખાન





મુંબઈ, તા. 20: સલમાન ખાન મંગળવારે એક નજીકના સંબંધીને મળવા હિન્દુજા હોસ્પિટલ પહોંચ્યો હતો, જ્યાં તે પેપરાઝી પર ભડકી ગયો હતો. હોસ્પિટલમાંથી એક વીડિયો સામે આવ્યો છે જેમાં તે ખૂબ જ ગુસ્સામાં ચેતવણી આપતો જોવા મળ્યો છે. આ ઘટનાના થોડા સમય બાદ જ સલમાને સત્તાવાર પોસ્ટ કરીને કડક શબ્દોમાં નિંદા કરતા ચેતવણી આપી છે કે, તે 60 વર્ષની ઉંમરે પણ લડવાનું ભૂલ્યો નથી. સલમાન ખાને હોસ્પિટલથી પરત ફર્યા બાદ સત્તાવાર એક્સ એકાઉન્ટ પરથી એક પછી એક 4 પોસ્ટ કરી. છેલ્લી પોસ્ટમાં સલમાન ખાને લખ્યું, "સાઠ વર્ષનો થઈ ગયો છું પણ લડવાનું ભૂલ્યો નથી, આ યાદ રાખી લેજો, જેલમાં નાખશો હાહા હાહા."

## અમિતાભ બચ્ચન રૂટિન ચેક-અપ માટે હોસ્પિટલ ગયા



**હોસ્પિટલમાં** દાખલ થયા હોવાના અહેવાલોને અભિનેતાએ ફગાવી દીધા

મુંબઈ, તા. ૨૦ (PTI): મેગા સ્ટાર અમિતાભ બચ્ચન દર મહિનાના નિયમિત ચેક-અપ માટે હોસ્પિટલ ગયા હતા. એમ એક સોર્સે જણાવ્યું હતું અને અભિનેતા પેટની તકલીફના કારણે ત્રણ દિવસ માટે હોસ્પિટલમાં દાખલ થયા હોવાના અહેવાલોને ફગાવી દીધા હતા.

૮૩ વર્ષીય બચ્ચન, જેઓ તેમના બ્લોગ પર નિયમિતપણે પોસ્ટ કરે છે અને તેમના ચાહકો સાથે દરેક અપડેટ શેર કરે છે, તેમણે હજી સુધી આ અહેવાલો પર કોઈ ટિપ્પણી કરી નથી. અભિનેતા મુંબઈમાં તેમના ઘર 'જલસા'ની બહાર 'સંડે દર્શન'માં હાજરી આપતા જોવા મળ્યા હતા, જે એક નિયમિત પ્રક્રિયા છે જ્યાં તેઓ બહાર એકત્રિત થયેલી ભીડને મળે છે અને તેમનું અભિવાદન કરે છે. પરંતુ મંગળવારે રાત્રે મીડિયાના એક વર્ગના અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો હતો કે, અભિનેતાને પેટ સંબંધિત સમસ્યાઓના કારણે વીકેન્ડ દરમિયાન ત્રણ દિવસ માટે નાણાવટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, એક સોર્સે જણાવ્યું હતું કે બચ્ચન નિયમિત તબીબી તપાસ માટે હોસ્પિટલ ગયા હતા. સોર્સે જણાવ્યું કે, "તેઓ રૂટિન હેલ્થ ચેક-અપ માટે ગયા હતા અને ઘરે પાછા આવી ગયા હતા. તેઓ સામાન્ય રીતે દર મહિને ચેક-અપ માટે જાય છે."

## 'ધુરંધર 2' પર સેનાની માહિતી લીક કરવાનો આરોપ

નવી દિલ્હી, તા. 20 : રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર 2' કાનૂની વિવાદમાં ફસાઈ ગઈ છે. દિલ્હી હાઈકોર્ટે બુધવારે કેન્દ્ર સરકાર અને સેન્સર બોર્ડ (સીબીએફસી)ને ફિલ્મ સામે દાખલ કરવામાં આવેલી અરજીની તપાસ કરવાના નિર્દેશ આપ્યા છે. સશસ્ત્ર સીમા બલ (એસએસબી)ના એક જવાન તરફથી જાહેર હિતની અરજી દાખલ કરીને આરોપ લગાવવામાં આવ્યો છે કે, ફિલ્મમાં સેનાના ઓપરેશન સાથે જોડાયેલી ગુપ્ત માહિતીઓ દર્શાવવામાં આવી છે. કોર્ટે જણાવ્યું કે, ફિલ્મ ભલે કાલ્પનિક હોય, પરંતુ સુરક્ષા સાથે જોડાયેલી ચિંતાઓને નજરઅંદાજ કરી શકાય નહીં. ચીફ જસ્ટિસ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય અને જસ્ટિસ તેજસ કારિયાની બેન્ચે આ મામલાની સુનાવણી કરી. કોર્ટે માહિતી અને પ્રસારણ મંત્રાલય તેમજ સીબીએફસીને આ અરજી પર વિચાર કરીને નિર્ણય લેવા માટે કહ્યું છે.

# પેરુમાં ૫.૮ની તીવ્રતાનો ભૂકંપ, ઈમારતોને નુકસાન

લિમા (પેરુ), તા. ૨૦ (એપી) મંગળવારે મોડી રાત્રે દક્ષિણ પેરુના પ્રશાંત ક્ષેત્રમાં ૫.૮ની તીવ્રતાનો ધરતીકંપ આવ્યો હતો, જેમાં ૨૭ લોકો ઘાયલ થયા છે અને ઈમારતોને નુકસાન પહોંચ્યું છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. કોઈ જાનહાનિના સમાચાર નથી. યુએસ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ) એ જણાવ્યું હતું કે, ભૂકંપનું કેન્દ્રબિંદુ ઈકા પ્રદેશમાં આવેલા પામ્પા ડે ટેટ નામના શહેરથી ૨૦ કિમી પૂર્વ-દક્ષિણપૂર્વમાં ૫૬.૫ કિમીની ઊંડાઈએ હતું. પેરુના સંરક્ષણ મંત્રી અમાદેઓ ફ્લોરેસે આ શહેરની મુલાકાત લીધી હતી અને સેન લુઈસ ગોન્ઝાગા યુનિવર્સિટી સહિત કેટલીક ક્ષતિગ્રસ્ત ઈમારતોનું નિરીક્ષણ કર્યું હતું.

પેરુમાં ધરતીકંપ આવવો સામાન્ય બાબત છે. કારણ કે, આ દેશ પેસિફિક 'રિંગ ઓફ ફાયર' પર આવેલો છે, જે પ્રશાંત મહાસાગરના બેસિનને ઘેરતી જ્વાળામુખીઓ અને ફોલ્ટ લાઈનોની એક ચાપ છે.

# પૂર્વ તુર્કીમાં ૫.૬ની તીવ્રતાનો ભૂકંપ આવતાં શાળાઓ ખાલી કરાવવામાં આવી

ઈસ્તંબુલ, તા. ૨૦ (એપી) ઈમરજન્સી સેવાઓએ જણાવ્યું હતું કે, પૂર્વ તુર્કીમાં બુધવારે ૫.૬ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ડિઝાસ્ટર એન્ડ ઈમરજન્સી મેનેજમેન્ટ પ્રેસિડેન્સીના જણાવ્યા અનુસાર, આ ભૂકંપ સવારે ૯ વાગ્યે માલત્યા પ્રાંતના બટ્ટલગાઝી જિલ્લામાં આવ્યો હતો અને તેની ઊંડાઈ ૭ કિલોમીટર હતી. નુકસાનના કોઈ તાત્કાલિક અહેવાલો નથી, પરંતુ ટીવી દશ્યોમાં શાળાઓ ખાલી કરાવવામાં આવતી અને રહેવાસીઓ બહાર દોડી આવતા જોવા મળ્યા હતા. તુર્કી મુખ્ય ફોલ્ટ લાઈનો પર આવેલું છે અને ત્યાં વારંવાર ભૂકંપ આવે છે. ૨૦૨૩માં, ૭.૮ ની તીવ્રતાના ભૂકંપમાં તુર્કીમાં ૫૩,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા અને દક્ષિણ અને દક્ષિણ-પૂર્વ પ્રાંતોમાં લાખો ઈમારતો નાશ પામી હતી અથવા તેને નુકસાન થયું હતું.



» કેરલમના તિરુવનંતપુરમ ખાતે યોજાયેલા વાર્ષિક મહોત્સવના ભાગરૂપે પરંપરાગત હાથી ઉત્સવ એટલે કે 'ગજમેળા'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક ઉત્સવ દરમિયાન એક શ્રદ્ધાળુ ખૂબ જ પ્રેમપૂર્વક ગજરાજને શરબત પીવડાવી રહ્યો છે.

# અમેરિકાનો 'ઈરાન ગેમ પ્લાન': અહમદીનેજાદને વડા બનાવવાની યોજના હતી

**યુદ્ધની** યોજના બનાવતી વખતે અહમદીનેજાદનો સંપર્ક કરાયો હતો

**નજરકેદમાંથી** છોડાવવા ઇઝરાયેલે અહમદીનેજાદના ઘર પર જ કર્યો હતો હુમલો

**ઈઝરાયેલી** હુમલામાં અહમદીનેજાદ પોતે જ ઘાયલ થતાં યોજના ખોરવાઈ

વોશિંગ્ટન, તા. 20 (પીટીઆઈ): યુદ્ધના શરૂઆતના દિવસોમાં અમેરિકા અને ઈઝરાયેલ ઈરાનમાં સત્તા પરિવર્તન કરવાની યોજનાના ભાગરૂપે કટ્ટરપંથી પૂર્વ રાષ્ટ્રપતિ મહમૂદ અહમદીનેજાદને ફરીથી ઈરાનના રાષ્ટ્રપતિ બનાવવા પર વિચાર કરી રહ્યા હતા, એમ એક અહેવાલમાં જણાવાયું હતું.

'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ'ના એક અહેવાલમાં અમેરિકી અધિકારીઓને ટાંકીને આ ચોંકાવનારો દાવો કરવામાં આવ્યો છે. પોતાના પ્રમુખપદ (2005-13) દરમિયાન ઈઝરાયેલ અને અમેરિકા વિરોધી કડક વલણ માટે જાણીતા અહમદીનેજાદનો અમેરિકા અને ઈઝરાયેલે ઈરાનને નિશાન બનાવતી યુદ્ધ યોજનાઓ ઘડતી વખતે સંપર્ક કર્યો હતો.

અહેવાલ મુજબ, ફેબ્રુઆરીમાં શરૂ થયેલા આ યુદ્ધના પ્રથમ દિવસે જ તેહરાનમાં અહમદીનેજાદના નિવાસસ્થાન પર ઈઝરાયેલ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો, જેનો હેતુ તેમને નજરકેદમાંથી મુક્ત કરવાનો હતો. પૂર્વ રાષ્ટ્રપતિના એક સહયોગીએ પણ પુષ્ટિ કરી છે કે અહમદીનેજાદ આ હુમલાને મુક્તિના પ્રયાસ તરીકે જોતા હતા. અમેરિકા તેમને એક એવા નેતા તરીકે જોતું હતું જે ઈરાનની રાજકીય, સામાજિક અને સૈન્ય સ્થિતિને સંભાળવાની ક્ષમતા ધરાવે છે. જોકે, આ હુમલામાં અહમદીનેજાદ પોતે ઘાયલ થયા હતા અને ટૂંક સમયમાં જ તેમની સત્તા પરિવર્તનની આ યોજના પરથી મોહભંગ થઈ ગયો હતો.

અમેરિકા અને ઈઝરાયેલ અહમદીનેજાદને ઈરાનની નવી સરકારના સંભવિત નેતા તરીકે જોતા હતા, જે સાબિત કરે છે કે આ યુદ્ધ તેહરાનમાં પોતાની કઠપૂતળી સરકાર સ્થાપવાની આશા સાથે શરૂ કરાયું હતું. અમેરિકા અહમદીનેજાદની સરખામણી વેનેઝુએલાના ડેલ્સી રોડ્રિગ્ઝ સાથે કરી રહ્યું હતું, જેમણે અમેરિકી દળો દ્વારા નિકોલસ માદુરોને હટાવ્યા બાદ સત્તા સંભાળી હતી અને ટ્રમ્પ વહીવટીતંત્ર સાથે નજીકથી કામ કરી રહ્યા છે.

વર્ષોથી નજરકેદ અને ચૂંટણી લડવા માટે અયોગ્ય જાહેર કરાયેલા અહમદીનેજાદ છેલ્લા કેટલાક સમયથી ઈરાનના શાસકો પર ભ્રષ્ટાચારના આરોપો લગાવીને તેમના કટ્ટર આલોચક બન્યા હતા.

### કોર્ટરૂમની ટિપ્પણી સામે યુવાનોનો 'ડિજિટલ પલટવાર'

# ભારતમાં ધૂમ મચાવી રહી છે 'કોકરોચ જનતા પાર્ટી'!

**સુપ્રીમ** કોર્ટના સીજેઆઈના 'કોકરોચ' શબ્દ સામે બેરોજગાર યુવાનોનો અનોખો આક્રોશ

**માત્ર** ૩ જ દિવસમાં ૨૦ લાખથી વધુ સભ્યો અને ઇન્સ્ટાગ્રામ પર ૪૦ લાખ ફોલોઅર્સ

નવી દિલ્હી, તા. 20: કોર્ટરૂમની એક વિવાદાસ્પદ ટિપ્પણીમાંથી જન્મેલી વ્યંગાત્મક રાજકીય ચળવળ 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) હાલ ભારતમાં જોરદાર ડિજિટલ ટ્રેન્ડ બની ગઈ છે.

સત્તાવાર નોંધણી વગરની આ પાર્ટીએ સોશિયલ મીડિયા પર ધૂમ મચાવીને માત્ર 3 જ દિવસમાં 20 લાખથી વધુ સભ્યો બનાવ્યા છે. ઈન્સ્ટાગ્રામ પર તેના 40 લાખથી વધુ ફોલોઅર્સ છે.

15 મેના રોજ સુપ્રીમ કોર્ટની સુનાવણી દરમિયાન ચીફ જસ્ટિસ સૂર્ય કાંતે કથિત રીતે નકલી ડિગ્રીવાળાઓના સંદર્ભમાં યુવાનોને 'કોકરોચ' કહ્યા હતા. મીડિયામાં આ નિવેદન વાયરલ થતાં બેરોજગાર યુવાનોમાં ભારે રોષ ફેલાયો હતો.

16 મેના રોજ ગૂગલ ફોર્મ દ્વારા માત્ર એક ઈન્ટરનેટ જોક તરીકે શરૂ થયેલી આ ઝુંબેશ કલાકોમાં જ એક મોટા ડિજિટલ વિરોધ પ્રદર્શનમાં ફેરવાઈ ગઈ. આ મુવમેન્ટ બોસ્ટન યુનિવર્સિટીના 30 વર્ષીય વિદ્યાર્થી અને 'આપ'ના પૂર્વ સોશિયલ મીડિયા વોલન્ટિયર અભિજીત દીપકે શરૂ કરી છે. આ પ્લેટફોર્મ સિસ્ટમ દ્વારા અન્યાયનો ભોગ બનેલા યુવાનોનો અવાજ બન્યું છે. તેની સભ્યપદની રમુજી શરતોમાં 'બેરોજગાર' અને 'ક્રોનિકલી ઓનલાઈન' હોવું સામેલ છે.

ભલે આ એક વ્યંગ હોય, પણ પાર્ટીએ બેરોજગારી, પરીક્ષાના વિવાદો અને રાજકીય જવાબદારી જેવા ગંભીર મુદ્દાઓ પર 5-પોઈન્ટનો મેનિફેસ્ટો બહાર પાડ્યો છે. તૃણમૂલ કોંગ્રેસના નેતા મહુઆ મોઈત્રા, કીર્તિ આઝાદ અને હોટમેઈલના કો-ફાઉન્ડર સબીર ભાટિયા જેવા અગ્રણીઓએ પણ આ મુવમેન્ટને સોશિયલ મીડિયા પર ખુલ્લું સમર્થન આપ્યું છે.

# બેંકો લોન ન ભરપાઈ કરનારના મોબાઈલ ફોન બંધ કરી શકશે નહીં: આરબીઆઈનો પ્રસ્તાવ

**આવો** પ્રતિબંધ બેંક ત્યારે લગાવી શકે છે જો સંબંધિત મોબાઇલ ઉપકરણ ખરીદવા માટે બેંકે જ લોન આપી હોય

મુંબઈ, તા. ૨૦ (પીટીઆઈ) રિઝર્વ બેંકે બુધવારે પ્રસ્તાવ મૂક્યો હતો કે, બેંકો પર્સનલ, કાર અથવા હોમ લોન વસૂલવા માટે લોન ન ભરપાઈ કરનાર ઉધારકર્તાઓના મોબાઈલ ફોન બંધ અથવા પ્રતિબંધિત કરી શકશે નહીં, જે આક્રમક વસૂલાત પદ્ધતિઓ પર અંકુશ લાવવાના પ્રયાસોનો એક ભાગ છે. જોકે, જો તે ઉપકરણ ધિરાણકર્તા (બેંક) દ્વારા ફાઈનાન્સ કરવામાં આવ્યું હોય તો બેંકને લોન ન ભરપાઈ કરનાર ઉધારકર્તાના મોબાઈલ ઉપકરણની કાર્યક્ષમતાઓને પ્રતિબંધિત અથવા બંધ કરવાની મંજૂરી આપવામાં આવશે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ અને અપશબ્દોના ઉપયોગ સહિત ઉધારકર્તાઓની હેરાનગતિ થતી હોવાની ફરિયાદો વચ્ચે સેન્ટ્રલ બેંકે લોનની બાકી રકમની વસૂલાત અને રિકવરી એજન્સીઓની સંલગ્નતા અંગે વર્તણૂક સંબંધિત બાબતો પર કડક નિયમોનો પ્રસ્તાવ મૂક્યો છે. આરબીઆઈએ પ્રસ્તાવ મૂક્યો છે કે, "કોઈપણ બેંક એવી કોઈ ટેક્નોલોજી આધારિત સિસ્ટમ લાગુ કરશે નહીં, જે રિકવરી ટૂલ તરીકે ઉધારકર્તાના મોબાઈલ ઉપકરણ, જેમ કે મોબાઈલ ફોન, ટેબ્લેટની કોઈપણ કાર્યક્ષમતાને પ્રતિબંધિત અથવા બંધ કરે, સિવાય કે આવા ઉપકરણના ફાઈનાન્સિંગમાંથી ઉદ્ભવતી લોનની બાકી રકમ વસૂલવાની હોય." જોકે, બેંક મોબાઈલ ઉપકરણની કાર્યક્ષમતાઓ પર આવો પ્રતિબંધ અથવા તેને બંધ કરવાનો આશરો ત્યારે લઈ શકે છે, જો સંબંધિત મોબાઈલ ઉપકરણ ખરીદવા માટે બેંકે જ લોન આપી હોય. આ કિસ્સામાં પણ, જ્યાં સુધી સંબંધિત લોનની ચુકવણીમાં ૯૦ દિવસથી વધુનો વિલંબ ન થાય અને નોટિસ આપવા છતાં ઉધારકર્તાએ ડિફોલ્ટ (બાકી રકમ) સુધાર્યો ન હોય ત્યાં સુધી બેંક ઉપકરણને બ્લોક કરવાની સિસ્ટમ લાગુ કરી શકશે નહીં. વધુમાં, કોઈપણ ટેક્નોલોજી આધારિત બ્લોકિંગ સિસ્ટમ લાગુ કરતી બેંક, કેટલીક આવશ્યક કાર્યક્ષમતાઓને પ્રતિબંધિત કે બંધ કરી શકશે નહીં, જેમ કે ઈન્ટરનેટનો ઉપયોગ, ઈનકમિંગ કોલ્સ, ઈમરજન્સી એસઓએસ સુવિધાઓ અને કટોકટીની સરકારી અથવા જાહેર-સુરક્ષા સૂચનાઓની પ્રાપ્તિ.

# આજે મોદી મંત્રી પરિષદની બેઠક

**આ વર્ષની** પ્રથમ બેઠકમાં તમામ મંત્રાલયોના કામકાજની સમીક્ષા થશે

નવી દિલ્હી, તા. ૨૦ (પીટીઆઈ) સત્તાવાર સ્ત્રોતોના જણાવ્યા અનુસાર, મોદી સરકારની મંત્રીપરિષદની ગુરુવારે યોજાનારી બેઠકમાં વિવિધ મંત્રાલયોની કામગીરી, લેવાયેલા મુખ્ય નિર્ણયો અને તેમના પરિણામો તથા ભવિષ્યની યોજનાઓ સહિતના અન્ય વિષયો પર ચર્ચા કરવામાં આવશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાનારી આ બેઠકમાં તમામ કેબિનેટ મંત્રીઓ, સ્વતંત્ર પ્રભાર ધરાવતા રાજ્ય કક્ષાના મંત્રીઓ અને અન્ય રાજ્ય કક્ષાના મંત્રીઓ હાજર રહેશે. કેબિનેટમાં ફેરબદલની અટકળો વચ્ચે આ વર્ષે મંત્રીપરિષદની આ પ્રથમ બેઠક હશે. બુધવારે સ્ત્રોતોએ જણાવ્યું હતું કે, આ બેઠકમાં વિવિધ મંત્રાલયો અને વિભાગોની કામગીરી, તાજેતરના ભૂતકાળમાં લેવાયેલા મુખ્ય નિર્ણયો અને તેમના પરિણામો તથા ભવિષ્યની યોજનાઓ અંગે ચર્ચા કરવામાં આવશે. વિવિધ સરકારી યોજનાઓ અને કાર્યક્રમોના વિવિધ પાસાઓ, મહત્તમ સફળતા માટે તેમનો અમલ કેવી રીતે કરવો અને અન્ય વિષયોની પણ સમીક્ષા કરવામાં આવે તેવી અપેક્ષા છે. વડા પ્રધાન પશ્ચિમ એશિયાના ચાલુ સંકટ અને તેની આર્થિક અસરોનો ઉલ્લેખ કરે તેવી સંભાવના છે અને નાગરિકોને ઓછામાં ઓછી અસુવિધા થાય તે માટે કેવી રીતે આગળ વધવું તે અંગે મંત્રાલયો અને વિભાગોને નિર્દેશો આપી શકે છે.

સ્ત્રોતોએ જણાવ્યું હતું કે, બેઠકમાં ઊર્જા, કૃષિ, ખાતર, ઉડ્ડયન, શિપિંગ અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રો પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી શકે છે. પશ્ચિમ એશિયાનો સંઘર્ષ શરૂ થયો તે પછી તરત જ મોદીએ તમામ સંબંધિતોને નાગરિકો અને તેનાથી પ્રભાવિત ક્ષેત્રોની સમસ્યાઓ હળવી કરવા માટે તમામ શક્ય પગલાં લેવા નિર્દેશ આપ્યો હતો.

# મોદી વિદેશમાં ભારતની પ્રતિષ્ઠા વધારવાનું કામ કરી રહ્યા છે: શરદ પવાર

**રાષ્ટ્રીય** હિતમાં રાજકીય મતભેદો ન હોવા જોઈએ: શરદ પવાર

**સંજય** રાઉતે કહ્યું 'અમે સંમત નથી, મોદીએ પ્રેસના સવાલોના જવાબો આપવા જ જોઈએ'

મુંબઈ, તા. 20 (પીટીઆઈ): એનસીપી (એસપી) અધ્યક્ષ શરદ પવારે કહ્યું છે કે, નરેન્દ્ર મોદી સાથે ભલે તેમના રાજકીય મતભેદો હોય, પરંતુ એક વડા પ્રધાન તરીકે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતની પ્રતિષ્ઠા અને ગરિમા વધારવાનું કામ કરી રહ્યા છે.

પૂણેની લક્ષ્મણરાવ ગુટ્ટે રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશનના એક કાર્યક્રમમાં પવારે ભારપૂર્વક કહ્યું કે, જ્યારે રાષ્ટ્રીય હિત અને દેશના સન્માનની વાત આવે ત્યારે રાજકીય મતભેદોને વચ્ચે લાવવા જોઈએ નહીં.

તેમણે પૂર્વ વડા પ્રધાનો ઈન્દિરા ગાંધી, પી વી નરસિંહા રાવ અને મનમોહન સિંહના ઉદાહરણો આપી જણાવ્યું કે આ નેતાઓએ હંમેશા દેશના ભવિષ્યને જ કેન્દ્રમાં રાખ્યું હતું.

પવારે પોતાની જૂની યાદો તાજી કરતાં કહ્યું કે, તેઓ 1958માં 18 વર્ષની ઉંમરે બારામતીથી પૂણે આવ્યા હતા અને યુથ કોંગ્રેસમાં જોડાયા હતા. તેમણે દિલ્હીના તીન મૂર્તિ હાઉસમાં જવાહરલાલ નેહરુ સાથેની મુલાકાત યાદ કરતાં કહ્યું કે નેહરુજીનું વ્યક્તિત્વ એટલું પ્રભાવશાળી હતું કે અમે પ્રશ્નો પૂછવાનું જ ભૂલી ગયા હતા. આ સિવાય ઈન્દિરા ગાંધીના સોવિયત યુનિયનના પ્રવાસનો કિસ્સો યાદ કરતા તેમણે કહ્યું કે ઈન્દિરાજીએ સોવિયત સત્તાવાળાઓને સ્પષ્ટ કહી દીધું હતું કે તેઓ 40 કરોડ ભારતીયોનું પ્રતિનિધિત્વ કરે છે, તેમની ગરિમાનું સન્માન કરવામાં નહીં આવે તો હું તેનો સ્વીકાર નહીં કરું.

બીજી બાજુ, શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે પવારના આ નિવેદન સામે ખુલ્લી અસંમતિ દર્શાવી છે. રાઉતે તીખો પ્રહાર કરતા કહ્યું કે, 'અમે પવાર સાહેબના નિવેદન સાથે બિલકુલ સંમત નથી. વડા પ્રધાને પ્રશ્નોના જવાબો આપવા જ પડશે. ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી કે મનમોહન સિંહ જ્યારે પણ વિદેશ જતા ત્યારે પ્રેસ સાથે વાત કરતા અને મીડિયાના સવાલોથી ક્યારેય ભાગતા નહોતા.'

# જમ્મુમાં સરહદ નજીક ડ્રોન દ્વારા ફેંકાયેલું ૩ કિલો હેરોઈન પોલીસે જપ્ત કર્યું

**જપ્ત** કરાયેલ હેરોઇનના જથ્થાની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ૧૫ કરોડ રૂપિયાથી વધુ

જમ્મુ, તા. ૨૦ (પીટીઆઈ): પોલીસે બુધવારે જમ્મુ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક ડ્રોન દ્વારા ફેંકવામાં આવ્યો હોવાની આશંકાવાળો આશરે ૩ કિલોગ્રામ હેરોઇનનો જથ્થો જપ્ત કર્યો છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, સરહદ પારથી માદક પદાર્થોની દાણચોરી અંગે મળેલી ચોક્કસ ગુપ્ત માહિતીના આધારે એક સપ્તાહ સુધી રાખવામાં આવેલી દેખરેખ બાદ બિશનાહ સેક્ટરમાંથી આ જથ્થો રિકવર કરવામાં આવ્યો હતો. દરમિયાન, સૂત્રોએ જણાવ્યું હતું કે બિશનાહના બહાદુરખાન પંચાયતમાં એક સ્થાનિક નાગરિકે ટ્રેક્ટર વડે પોતાના ખેતરમાં ખેડાણ કરતી વખતે આ શંકાસ્પદ વસ્તુ જોઈ હતી, ત્યાર બાદ આ પેકેટ જપ્ત કરવામાં આવ્યાં હતાં.

અધિકારીઓએ જણાવ્યું કે, માહિતી મળતાં જ બોર્ડર સિક્યુરિટી ફોર્સ (બીએસએફ) અને પોલીસની ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને વિસ્તારને કોર્ડન કરી લીધો હતો.

પોલીસે શંકાસ્પદ વિસ્તારોમાં ચોવીસ કલાક કડક દેખરેખ રાખી હતી અને આ જથ્થો તેના નિર્ધારિત મેળવનારાઓ સુધી પહોંચે તે પહેલાં જ તેને ઝડપી લીધો હતો.

એક અધિકારીએ જણાવ્યું હતું કે, "ઓપરેશન દરમિયાન આશરે ત્રણ કિલોગ્રામ વજનનો હેરોઈનનો મોટો જથ્થો મળી આવ્યો છે."

અહેવાલો અનુસાર, આ જથ્થાની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ૧૫ કરોડ રૂપિયાથી વધુ છે.

અધિકારીઓએ જણાવ્યું કે, માદક પદાર્થની વૈજ્ઞાનિક તપાસ અને પુરાવા એકત્ર કરવા માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી (એફએસએલ)ની એક ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી.

પોલીસે જણાવ્યું કે, આ જપ્તી સરહદ પારથી માદક પદાર્થોની દાણચોરી માટે ડ્રોનના વધતા જતા ઉપયોગ અને નાર્કો-ટેરર (માદક પદાર્થ સંબંધિત આતંકવાદી) પ્રવૃત્તિઓ સામે વિભાગની વધેલી તકેદારી દર્શાવે છે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ દાણચોરીની કામગીરીમાં સામેલ પાકિસ્તાની નેટવર્કના તમામ જોડાણો શોધવા માટે એક વ્યાપક તપાસ શરૂ કરવામાં આવી છે.